ભારતીય સિનેમાનો સુવર્ણ અધ્યાય - એક ભવ્ય, દિવ્ય અને અદ્‌ભૂત અનુભવ



મૂવી રિવ્યુ

અમર સોલંકી દ્વારા

ફિલ્મ: ‘રામાયણ’

રેટીંગ: ★★★★★

એક લાઈનનો પ્રતિભાવ: આ માત્ર એક ફિલ્મ નથી પણ ભારતીય સિનેમાને વૈશ્વિક સ્તરે ગૌરવ અપાવતો એક અદ્ભુત, દિવ્ય અને સ્ક્રીન પર અચૂક જોવા જેવો અવિસ્મરણીય અનુભવ છે

કથાનક : વાર્તાની શરૂઆત બ્રહ્માજી અને રાવણ વચ્ચેના સંવાદ તથા રાવણ દ્વારા લંકા પર પોતાનો અધિકાર જમાવવાની ઘટનાથી થાય છે. ત્યાર બાદ અયોધ્યાના રાજકુમાર શ્રી રામ, વનવાસ દરમિયાન રાક્ષસોનો સંહાર કરીને ઋષિ-મુનિઓનું રક્ષણ કરે છે. વનવાસ દરમિયાન શૂર્પણખા પ્રસંગ, પુષ્પક વિમાનમાં રાવણ અને જટાયુ વચ્ચેનું ધમસાણ યુદ્ધ, અને રાવણના ભાઈ વિદ્યુતજીવ સાથેના યુદ્ધ જેવા રોમાંચક દ્રશ્યો સાથે વાર્તા દર્શકોને મંત્રમુગ્ધ કરી રાખે છે.

પોઝિટિવ પોઇન્ટ્સ : નિતીશ તિવારીનું મજબૂત અને વોટરટાઇટ સ્ક્રીનપ્લે, જે દર્શકોને શરૂઆતથી અંત સુધી બાંધી રાખે છે. માત્ર વિશાળ વિઝ્યુઅલ્સ જ નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિ, ભક્તિ અને ગહન ભાવનાત્મક આત્મા આ ફિલ્મને શ્રેષ્ઠ બનાવે છે. સીતા સ્વયંવર, દશરથ-કૈકેયી-રામનો પ્રી-ઈન્ટરવલ ડ્રામા, રાવણ-જટાયુ યુદ્ધ અને બ્રહ્મા-રાવણ વચ્ચેનો સંવાદ અત્યંત પ્રભાવશાળી છે. એ. આર. રહેમાનનું સંગીત વાર્તા સાથે વણાયેલું છે. રહેમાન અને હાન્સ ઝિમરનો બેકગ્રાઉન્ડ સ્કોર દ્રશ્યોની તીવ્રતા વધારે છે. રણબીર કપૂર, સાઈ પલ્લવી, યશ, રવિ દુબે, અરુણ ગોવિલ, લારા દત્તા અને સની દેઓલની ખાસ ઉપસ્થિતિ ઉત્કૃષ્ટ છે.

માઇનસ પોઇન્ટ્સ : રિવ્યૂ મુજબ ફિલ્મ તમામ ક્ષેત્રે સંપૂર્ણ અને ભવ્ય છે કોઈ માઈનસ પોઈન્ટ દેખાતું નથી.

રીઅલ મેડ્રિડે છેલ્લી ઘડીએ જીત મેળવી, ફેનરબેહસે લિવરપૂલને હરાવ્યું

માન્ચેસ્ટર સિટીએ આરબી લિપઝિગને, કોમોએ લેન્સએ જ્યારે આર્સેનલે સ્લેવિયા પ્રાગને હરાવ્યું



મેડ્રિડ, તા. 05 નવેમ્બર (એપી) : ચેમ્પિયન્સ લીગમાં ફેડેરિકો વાલ્વર્ડેના નિર્ણાયક ગોલથી છેલ્લી ઘડીએ ફરી એકવાર વાપસી કરી રિયલ મેડ્રિડે બુધવારે AEK એથેન્સને 3-2થી હરાવ્યું હતું. અન્ય એક રોમાંચક મુકાબલામાં લિવરપૂલને ફેનરબાહસે સામે 2-3થી આઘાતજનક હારનો સામનો કરવો પડ્યો. માન્ચેસ્ટર સિટીએ પણ બે હાર બાદ સુધારો કરીને આરબી લીપઝિગને 3-2થી સમાન માર્જિનથી હરાવ્યું. દરમિયાન, કોમોએ લેન્સને 9-1થી હરાવીને પ્રભાવશાળી વિજય મેળવ્યો. ગત સિઝનના રનર્સ-અપ આર્સેનલે સ્લેવિયા પ્રાગને 2-1થી હરાવ્યું.

રેકોર્ડ ૧૫ વખત યુરોપિયન ચેમ્પિયન રીઅલ મેડ્રિડ આ સિઝનમાં ચાર મેચ પછી ૧૦૦ ટકા જીતનો રેકોર્ડ જાળવી રાખનારી બીજી ટીમ બની, અને પેરિસ સેન્ટ-જર્મન (પીએસજી) સાથે સતત બીજી વખત ટાઇટલ જીતવામાં જોડાઈ. ઓલવિન એરેના ખાતે AEK એથેન્સ સામે મેડ્રિડ બે વાર પાછળ રહી ગયું હતું, પરંતુ વાલ્વર્ડે 92મી મિનિટે લાંબા અંતરના અદભુત ગોલથી વિજય પર મહોર મારી હતી. ગયા મહિને મેડ્રિડે રોમા સામે 4-3થી વિજય મેળવવા માટે અંતિમ 10 મિનિટમાં ત્રણ ગોલ કર્યા હતા. ફેનરબાહસે સામે બંને હાફમાં લિવરપૂલે લીડ મેળવી હતી પરંતુ તેને જાળવી રાખવામાં નિષ્ફળ રહી, જેના કારણે સિઝનમાં તેમનો પ્રથમ ચેમ્પિયન્સ લીગ હારનો સામનો કરવો પડ્યો. એર્લિંગ હાલેન્ડે માન્ચેસ્ટર સિટીને આરબી લીપઝિગ પર 3-2 થી જીત અપાવી. સ્કોર 2-2 થી બરાબર થયા બાદ 78મી મિનિટે હાલેન્ડે પોતાની ટીમને નિર્ણાયક લીડ અપાવી.

મધ્યસત્ર ચૂંટણીમાં કારમી હાર પછી ડોનાલ્ડ ટ્રમ્પ સામે મહાભિયોગ લાવવામાં આવશે?



અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીની કારમી હારને પગલે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર ત્રીજી વખત મહાભિયોગ ચલાવવાની ચર્ચાઓ તેજ બની છે. મધ્યવર્તી ચૂંટણીનાં પરિણામોએ અમેરિકન રાજકારણનો માહોલ બદલી નાખ્યો છે. ડેમોક્રેટો હવે કોંગ્રેસનાં બંને ગૃહો પર નિયંત્રણ ધરાવે છે. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં બહુમતી સાથે ડેમોક્રેટો ટ્રમ્પ સામે મહાભિયોગની કાર્યવાહી શરૂ કરી શકે છે. હવે તેમને રિપબ્લિકન સભ્યોના સમર્થનની જરૂર રહેશે નહીં, જેના કારણે ડોનાલ્ડ ટ્રમ્પ સામે ત્રીજા મહાભિયોગની શક્યતા વધુ મજબૂત બની છે.

અમેરિકાના બંધારણ મુજબ મહાભિયોગની પ્રક્રિયા બે તબક્કામાં પૂર્ણ થાય છે. પ્રથમ તબક્કામાં હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ રાષ્ટ્રપતિ વિરુદ્ધ મહાભિયોગના ઠરાવ પર મતદાન કરે છે. આ માટે સરળ બહુમતી જરૂરી છે. આ પહેલાં ન્યાયતંત્રની સમિતિ તપાસ કરે છે, સુનાવણી કરે છે અને પુરાવાના આધારે આગળની કાર્યવાહી નક્કી કરે છે. જો ગૃહ મહાભિયોગ પ્રસ્તાવ પસાર કરે તો કેસ સેનેટમાં પહોંચે છે, જ્યાં રાષ્ટ્રપતિ વિરુદ્ધ ટ્રાયલ થાય છે. જો કે, રાષ્ટ્રપતિને તેમના પદ પરથી દૂર કરવા માટે સેનેટમાં બે તૃતીયાંશ બહુમતી કે લગભગ ૬૭ મતોની જરૂર પડે છે.

ડેમોક્રેટિક પાર્ટી હાલમાં મહાભિયોગ ચલાવવાને બદલે તપાસ કરવા અને પુરાવા એકત્ર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ડેમોક્રેટિક પાર્ટીના નેતા હકીમ જેફ્રીસે કહ્યું છે કે મહાભિયોગનો વિકલ્પ સંપૂર્ણપણે નકારી કાઢવામાં આવ્યો નથી. ડોનાલ્ડ ટ્રમ્પ સામે મહાભિયોગ અંગે અમેરિકન જનતાનો અભિપ્રાય વિભાજિત છે. પોલિટિકોના સર્વે મુજબ, ૫૦ ટકા લોકોએ કહ્યું કે ડેમોક્રેટોએ ટ્રમ્પ પર મહાભિયોગ કરવો જોઈએ, જ્યારે ૩૨ ટકા લોકોએ તેનો વિરોધ કર્યો હતો. દરમિયાન, ૫૪ ટકા લોકોએ માન્યું કે ડોનાલ્ડ ટ્રમ્પે એવા ગુના કર્યા છે જેના માટે મહાભિયોગ જરૂરી છે. ૨૪ ટકા લોકો માનતાં હતાં કે મહાભિયોગની કાર્યવાહી ટ્રમ્પની લોકપ્રિયતામાં વધારો કરી શકે છે.

ડોનાલ્ડ ટ્રમ્પે તેમના બીજા કાર્યકાળ દરમિયાન એટલાં બધાં કૌભાંડો કર્યાં છે કે તેમાંનાં કોઈ પણ એકના આધારે તેમની સામે મહાભિયોગની કાર્યવાહી કરી શકાય છે. પહેલું કૌભાંડ ડોનાલ્ડ ટ્રમ્પ પરિવારનો વ્યાવસાયિક લાભ છે. ડોનાલ્ડ ટ્રમ્પે તેમના બે વર્ષના કાર્યકાળ દરમિયાન ટેરિફમાં વધારાથી લઈને ઇરાન યુદ્ધ બાબતમાં જે કોઈ નિર્ણયો લીધા તેને કારણે તેમના પારિવારિક બિઝનેસમાં અબજો ડોલરનો લાભ થયો હતો અને તેમની સંપત્તિ વધી હતી. આ રીતે રાષ્ટ્રપતિના હોદ્દાનો ઉપયોગ પોતાની સંપત્તિ વધારવા માટે કરવાનો આરોપ તેમની સામે મૂકી શકાય છે.

મહાભિયોગની કાર્યવાહી કરવા માટેનો બીજો સબળ મુદ્દો જેફ્રી એપ્સ્ટેઇન કેસને કેવી રીતે હેન્ડલ કરવામાં આવ્યો તે છે. આખી દુનિયા જાણે છે કે ડોનાલ્ડ ટ્રમ્પ જેફ્રી એપ્સ્ટેઇન સાથે સંકળાયેલા હતા અને તેના સેક્સ કૌભાંડમાં પણ ભાગીદાર હતા. તેમ છતાં ડોનાલ્ડ ટ્રમ્પ સતત જેફ્રી એપ્સ્ટેઇન સાથેના પોતાના ગુનાહિત સંબંધોનો ઇનકાર કરતા આવ્યા છે. અમેરિકાના ન્યાય ખાતા દ્વારા જેફ્રી એપ્સ્ટેઇન બાબતના દસ્તાવેજો ચાલાકીપૂર્વક જાહેર કરવામાં આવ્યા છે, જેથી જે દસ્તાવેજોમાં ડોનાલ્ડ ટ્રમ્પની સંડોવણીના સીધા પુરાવાઓ છે, તેને દબાવી રાખવામાં આવ્યા છે. જો આ દસ્તાવેજો જાહેર કરવામાં આવે તો ટ્રમ્પને પાણીચું આપવાનું આસાન થઈ શકે છે.

મહાભિયોગની કાર્યવાહીને યથાર્થ ઠરાવે તેવો ત્રીજો મુદ્દો ડોનાલ્ડ ટ્રમ્પ સરકારની ઇમિગ્રેશન નીતિઓ છે. આ નીતિઓ દ્વારા વિદેશી વ્યાવસાયિકો પર જે નિયંત્રણો મૂકવામાં આવ્યાં તેને કારણે વિદેશથી આવતા બુદ્ધિધનનો પ્રવાહ અમેરિકામાં આવતો અટકી ગયો છે. ડોનાલ્ડ ટ્રમ્પની વિદેશ નીતિ પણ તેમની સામે મહાભિયોગનો પ્રસ્તાવ લાવવાનું કારણ બની શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયલના વડા પ્રધાન નેતાન્યાહુના ઇશારા પર અમેરિકાને ઇરાન યુદ્ધમાં ધકેલી દીધું તેવી સામાન્ય છાપ છે. આ યુદ્ધમાં અમેરિકાને નામોશીનો સામનો કરવો પડ્યો તે ઉપરાંત ક્રુડ ઓઇલના ભાવો વધવાને કારણે અર્થતંત્રને પણ ગંભીર નુકસાન થયું છે. આ કિસ્સાઓમાં ડેમોક્રેટો દસ્તાવેજો માંગી શકે છે અને અધિકારીઓને જુબાની આપવા માટે પણ બોલાવી શકે છે.

યુદ્ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન બે વાર મહાભિયોગ ચલાવવામાં આવ્યો હતો. પ્રથમ મહાભિયોગની કાર્યવાહી ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કી વચ્ચે થયેલા ફોન કોલથી શરૂ થઈ હતી, જેમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે યુક્રેનિયન રાષ્ટ્રપતિને બે તપાસની જાહેરાત કરવા કહ્યું હતું. એક, આગામી ૨૦૨૦ ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમના સંભવિત પ્રતિસ્પર્ધીને સંડોવતી તપાસ અને બીજો આરોપ કે યુક્રેનની અંદરની સંસ્થાઓએ ૨૦૧૬ ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં દખલ કરી હતી. પ્રથમ કોલમાં ઓફિસ ઓફ મેનેજમેન્ટ એન્ડ બજેટે રાષ્ટ્રપતિના નિર્દેશ પર યુક્રેનને ૪૦ કરોડ ડોલરની લશ્કરી સહાય સ્થગિત કરી દીધી હતી. બીજા કોલની સામગ્રી ગુપ્તચર સમુદાયના વ્હિસલબ્લોઅર રિપોર્ટ દ્વારા પ્રકાશમાં આવી હતી, પરંતુ કોલનો સારાંશ રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા બાદમાં જાહેર કરવામાં આવ્યો હતો.

મહાભિયોગ તપાસનો બીજો તબક્કો ન્યાયતંત્ર સમિતિ દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. આ તબક્કામાં રાષ્ટ્રપતિનું વર્તન મહાભિયોગનો ગુનો છે કે કેમ તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. શ્રેણીબદ્ધ સુનાવણીઓ પછી, સમિતિએ રાષ્ટ્રપતિ સામે મહાભિયોગના બે ઠરાવની ભલામણ કરી, જે બંનેને આખરે ગૃહ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા. પહેલા ઠરાવમાં રાષ્ટ્રપતિ પર સત્તાનો દુરુપયોગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેમણે ૨૦૨૦ ની ચૂંટણીમાં યુક્રેનની દખલગીરી માટે તેમના કાર્યાલયની સત્તાઓનો ઉપયોગ કર્યો હતો અને રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી પર તપાસની જાહેરાત કરવા સંમત થવા પર યુક્રેનને લશ્કરી સહાય અને વ્હાઇટ હાઉસની મુલાકાત જેવાં સત્તાવાર કાર્યોને શરતી બનાવ્યાં હતાં. ઠરાવમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ રાજકીય લાભ મેળવવા માટે ભ્રષ્ટ હેતુઓ માટે આ યોજના અથવા આચરણમાં રોકાયેલા હતા. બીજા ઠરાવમાં રાષ્ટ્રપતિ પર પ્રતિનિધિ ગૃહ દ્વારા જારી કરાયેલા સમન્સની અભૂતપૂર્વ, સ્પષ્ટ અને આડેધડ અવજ્ઞાને નિર્દેશિત કરીને ગૃહ મહાભિયોગ તપાસમાં અવરોધ લાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ ઠરાવમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રાષ્ટ્રપતિના પદનો દુરુપયોગ બંધારણીય સરકારનો નાશ કરનારો હતો અને ફક્ત પ્રતિનિધિ ગૃહમાં નિહિત મહત્ત્વપૂર્ણ બંધારણીય સુરક્ષાને રદબાતલ કરતો હતો. લાંબી કાર્યવાહીના આખરે સેનેટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને બંને બાબતોમાં નિર્દોષ જાહેર કર્યા હતા. જાન્યુઆરી ૨૦૨૧ માં હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે ડોનાલ્ડ ટ્રમ્પ પર બીજી વખત મહાભિયોગ ચલાવવા માટે મતદાન કર્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રપતિપદ છોડ્યા પછી સેનેટમાં મહાભિયોગની ટ્રાયલ થઈ હતી. આ વખતે ૬ જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ વોશિંગ્ટનમાં બનેલી ઘટનાઓ ના સંદર્ભમાં બળવાની ઉશ્કેરણીના આરોપસર મહાભિયોગનો પ્ર સ્તાવ લાવવામાં આવ્યો હતો. આ સમય દરમિયાન ૧૦ રિપબ્લિકન સાંસદોએ ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગના સમર્થનમાં મતદાન કર્યું હતું. સેનેટની બહુમતીએ ટ્રમ્પને દોષિત ઠેરવવા માટે મતદાન કર્યું, જેમાં સાત રિપબ્લિકનોએ ડેમોક્રેટોને ટેકો આપ્યો હતો. ૫૭ થી ૪૩ મતોનું આ પરિણામ ડોનાલ્ડ ટ્રમ્પને દોષિત ઠેરવવા માટે જરૂરી બે તૃતીયાંશ બહુમતીથી ઓછું રહ્યું. સેનેટે ટ્રમ્પને આરોપોમાંથી મુક્ત કર્યા હોવાથી તેમને ફરીથી જાહેર પદ સંભાળવાથી રોકવા માટે મતદાન કરવાની જરૂર નહોતી.

સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું ત્રીજો મહાભિયોગ ડોનાલ્ડ ટ્રમ્પને તેમના પદ પરથી દૂર કરી શકશે? હાલમાં, આની શક્યતા ખૂબ ઓછી દેખાય છે. જ્યારે પ્રતિનિધિ ગૃહમાં મહાભિયોગનો ઠરાવ પસાર કરવો શક્ય છે, ત્યારે સેનેટમાં બે તૃતીયાંશ બહુમતી મેળવવી ડેમોક્રેટો માટે એક મોટો પડકાર હશે. જો મહાભિયોગની પ્રક્રિયા શરૂ થાય તો પણ ડોનાલ્ડ ટ્રમ્પના પદ પર રહેવાની શક્યતા વધુ છે. જ્યાં સુધી સેનેટ તેમને દોષિત ઠેરવવાનો અને પદ પરથી દૂર કરવાનો નિર્ણય ન લે ત્યાં સુધી તેઓ તેમની રાષ્ટ્રપતિની સત્તાઓ જાળવી રાખશે, જેમાં વીટો પાવર, એક્ઝિક્યુટિવ ઓર્ડર જારી કરવાનો અધિકાર અને સૈન્યના કમાન્ડર-ઇન-ચીફ બનવાનો અધિકાર પણ સામેલ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ડોનાલ્ડ ટ્રમ્પે તેમના બીજા કાર્યકાળ દરમિયાન એટલાં બધાં કૌભાંડો કર્યાં છે કે તેમાંનાં કોઈ પણ એકના આધારે તેમની સામે મહાભિયોગની કાર્યવાહી કરી શકાય છે

ભૂપતિ, સાનિયા સહિત ચાર ખેલાડી AITA ગવર્નિંગ બોડીમાં ચૂંટાયા

નવી દિલ્હી, તા. 05 (પીટીઆઈ) : માજી ભારતીય ટેનિસ સ્ટાર મહેશ ભૂપતિ અને સાનિયા મિર્ઝા ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશન (AITA) ના ગવર્નિંગ બોડી માટે પસંદ કરાયેલા ચાર પ્રસિદ્ધ ખેલાડીઓ (SOM) માં સામેલ છે. ભૂપતિને સૌથી વધુ 19 મત મળ્યા, ત્યારબાદ સાનિયાને 18 મત મળ્યા. આશુતોષ સિંહને 17, જ્યારે શાલિની ઠાકુર ચાવલાને 16 મત મળ્યા. અન્ય ઉમેદવારોમાં જાનકી કૃષ્ણમૂર્તિને 15, વિશાલ ઉપ્પલને 09, ગૌરવ નાટેકરને 08 અને અંકિતા ભામ્બરીને 07 મત મળ્યા હતા. AITA ના સુધારેલા બંધારણ મુજબ, ગવર્નિંગ બોડીમાં ચાર પ્રતિનિધિઓ ચૂંટાશે, જેમાં બે પુરુષ અને બે મહિલા ખેલાડીઓનો સમાવેશ થશે. રાષ્ટ્રીય રમતગમત શાસન અધિનિયમ હેઠળ તૈયાર કરાયેલ 40 સભ્યોની SOM યાદીમાં 20 પુરુષ અને 20 મહિલા ભૂતપૂર્વ ખેલાડીઓનો સમાવેશ થાય છે.

બ્રાઝિલમાં ફૂટબોલ મેચ દરમિયાન મારામારી, 51 ખેલાડી, અધિકારીઓને રેડ કાર્ડ

સાઓ પાઉલો, તા. 05 : બ્રાઝિલમાં અંડર-20 રાજ્ય ફૂટબોલ મેચમાં ગેંગ ફાઇટના પરિણામે 51 રેડ કાર્ડ બતાવવામાં આવ્યા, જે રમતમાં સૌથી વધુ રેડ કાર્ડનો નવો રેકોર્ડ બની શકે છે.

રવિવારે મિનાસ ગેરાઈસ રાજ્ય અંડર-20 ચેમ્પિયનશિપના બીજા વિભાગના સેમિફાઈનલમાં મામોરેએ ઉબેરલેન્ડિયાને 3-1થી હરાવ્યું. મેચ દરમિયાન અને પછી કુલ 43 ખેલાડીઓ અને આઠ ટીમ અધિકારીઓને મેદાનની બહાર મોકલી દેવામાં આવ્યા. ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ અનુસાર, વ્યાવસાયિક ફૂટબોલ મેચમાં સૌથી વધુ રેડ કાર્ડ બતાવવામાં આવવાનો રેકોર્ડ 36 છે. આ ઘટના 2011 માં આર્જેન્ટિનાના પાંચમા ડિવિઝનમાં એટલાટિકો ક્લેપૂલ અને વિક્ટોરિયાનો એરેનાસ વચ્ચેની મેચમાં બની હતી.

રવિવારની મેચના રેફરી ફર્નાન્ડો પેટ્રિક મોડેસ્ટોના મેચ રિપોર્ટ અનુસાર, અંતિમ ગોલ પછી થયેલી હિંસાને કારણે ખેલાડીઓ અને કોચિંગ સ્ટાફ સહિત 48 લોકોને લાલ કાર્ડ બતાવવામાં આવ્યા હતા અને મેદાનની બહાર મોકલી દેવામાં આવ્યા હતા. મોડેસ્ટોએ તેના અહેવાલમાં લખ્યું કે પોતાની ટીમના ત્રીજા ગોલની ઉજવણી કરતી વખતે, એક ખેલાડીએ ઘરઆંગણાની ટીમની બેન્ચ તરફ ઉશ્કેરણીજનક હાવભાવ કર્યા અને કેટલાક અપમાનજનક શબ્દોનો ઉપયોગ કર્યો.

SURAT MUNICIPAL CORPORATION FIT INDIA
EAST ZONE-A
E-TENDER (ONLINE) INVITATION NOTICE
No. DMC/EZ-A/07/2026-2027

Tender for invited for various Depat. Works On line on web site https://smctender.nprocure.com from Government Approved Contractor with following schedule.

S.N.	Name of the Dept.	Road Dep.	Housing Dep.	Drainage Dep.	Total work	Total Est. Cost Rs. (Lakh)
૦૧	No. of Work	08	07	01	16	4615.46

The detail tender Notice will be made available on website (Visit Us www.suratmunicipal.gov.in).

No. PRO/335/2026-27
Date: 05/11/2026
Deputy Municipal Commissioner
East Zone (Varachha) - A
Surat Municipal Corporation.

જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ વલસાડ
શૈક્ષણિક જાહેરાત

જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ વલસાડ ખાતે “પોસ્ટ બેઝીક ડીપ્લોમાં ઈન ક્રિટીકલ કેર નર્સિંગ” કોર્ષના એડમિશન અંગેની કાર્યવાહી ટુંક સમયમાં શરૂ થનાર હોય, આ અંગેનો નિયત નમુનામાં અરજી ફોર્મ, ફી, તથા અન્ય વિગતો મેડિકલ કોલેજની વેબસાઈટ https://www.gmersmcvalsad.com પર મુકવામાં આવેલ છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૧૨/૧૧/૨૦૨૬ સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં અરજી સાથે જરૂરી ડોક્યુમેન્ટ રજૂ કરવાનું રહેશે. ઉમેદવારે ડિપ્લોમાં જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી અથવા બેઝિક બી.એસ.સી. (નર્સિંગ) પાસ કરેલ હોવું જોઈએ. ગુજરાત નર્સિંગ કાઉન્સિલ સાથે રજીસ્ટર્ડ નર્સ રજીસ્ટર્ડ મીડવાઈફરી નું રજીસ્ટ્રેશન કરાવેલ હોવું જોઈએ. ઉમેદવારની ઉંમર ૩૫ વર્ષ કરતાં વધુ ના હોવી જોઈએ.

સ્થળ: વલસાડ, તારીખ: ૦૪/૧૧/૨૦૨૬. નં. માહિતી/વલસાડ/૫૪૫/૨૦૨૬
ડીન, જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, વલસાડ

ગોધરા નગરપાલિકા
ઓનલાઇન ટેન્ડર નિવિદા-૧૨ સને-૨૦૨૬-૨૭

આથી તમામ એજન્સી/ કોન્ટ્રાક્ટર વિ. ને ગોધરા શહેરમાં વિવિધ વિકાસ ના કામો માટે ગોધરા નગરપાલિકાના આયોજન વિભાગ અને પાણી પુરવઠા વિભાગ માં સરકારશ્રીની વિવિધ ગ્રાંટો પૈકી વિકાસલક્ષી કામો માટે બીજા પ્રયત્ને અંદાજીત રકમ રૂ. ૪૮.૦૦ લાખ થી રૂ.૧.૬૦ લાખના કુલ ૦૬ પેકેજ ના કામો માટે તેમજ પાણી પુરવઠા વિભાગ માં મટીરીયલ્સ ખરીદવા, મટીરીયલ્સ સાથે લેબર વર્ક, પમ્પ હાઉસ અને GSR તોડવાના કામ, અને JCB AGRIMAX સાધન ખરીદવાના કામ માટે ઓનલાઇન ટેન્ડર tender.nprocure.com વેબસાઈટ ઉપર ઓનલાઇન પબ્લીશ કરવામાં આવેલ છે. પ્રસ્તુત કામોના ઓનલાઈન ટેન્ડરો તા.૨૧/૧૧/૨૦૨૬ સુધી ભાવો ભરી શકાશે. ભાવો ભરેલ એજન્સી / કોન્ટ્રાક્ટરે ટેકનિકલ બીડ તા.૨૬/૧૧/૨૦૨૬ સુધી મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા ગોધરાના નામથી આર.પી.એડી/સ્પીડ પોસ્ટ થી મોકલી આપવાના રહેશે. તા.૨૭/૧૧/૨૦૨૬ ના રોજ ટેન્ડરો ઓપન કરવામાં આવશે. તમામ ટેન્ડરો રદ બાતલ કરવાનો હક્ક નગરપાલિકાને અબાધિત રહેશે.

તા.૦૪/૧૧/૨૦૨૬
(એસ.પી. પટેલ) મુખ્ય અધિકારી નગરપાલિકા ગોધરા
(જશોદાબેન પ્રજાપતિ) પ્રમુખ નગરપાલિકા ગોધરા
(માહિતી/ગોધરા/૬૦૫/૨૬)

Surat Municipal Corporation FIT INDIA
South Zone-A (Udhana)
e-Tender (Online) invitation Notice No. DMC/SZ-A/10/2026-27

Tenders are invited for Various Dept. works online on https://smctender.nprocure.from Government approved contractors with Following Schedule:

1	Name of the Department	HOUSING	ROAD	GARDEN
2	No. of Work	21	10	06
3	No. of Tenders	37		
4	Total Estimated cost of Tender	Rs. 4,410.50 Lacs		

The detail tender notice will be made available on website www.suratmunicipal.gov.in

No. P.R.O. 334/2026-27
Date:- 05/11/2026
Deputy Municipal Commissioner
South Zone-A (Udhana)
Surat Municipal Corporation

બારડોલી નગરપાલિકા - બારડોલી જી. સુરત
ઓનલાઈન જાહેર નિવિદા

આથી બારડોલી નગરપાલિકા, બારડોલી, જિ. સુરતને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

ક્રમ	કામનું નામ	અંદાજિત રકમ રૂ. (લાખ)
૧	બારડોલી નગરપાલિકાનાં જુદા જુદા ડીવાઇડરમાં પ્લાન્ટેશનની ઓપરેશન અને મેન્ટેનન્સની કામગીરી. (બીજો પ્રયત્ન)	......નીલ......
૨	બારડોલી નગરપાલિકાનાં લીમડા ચોક ડિવાઇડર થી પોલીસ સ્ટેશન સુધી ડીઝાઇન સ્ટ્રીટલાઈટ પોલ સાથે રોડ ડિવાઇડર બનાવવાની કામગીરી.	૧૧.૭૮

ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય	તા.૨૦/૧૧/૨૦૨૬ના રોજ ૧૮.૦૦ કલાક સુધી
ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી અને ઇ.એમ.ડી.પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું	તા.૨૭/૧૧/૨૦૨૬ના ૧૮.૦૦ કલાકે સુધીમાં ચીફ ઓફિસર, બારડોલી નગરપાલિકા, મુ.બારડોલી, જિ.સુરત
ટેન્ડર ખોલવાની તારીખ:	તા.૩૦/૧૧/૨૦૨૬, ૧૨.૦૦ કલાકે
પ્રાઈસ બિડ ખોલવાની તારીખ:	તા.૩૦/૧૧/૨૦૨૬, ૧૨.૩૦ કલાકે

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે https://tender.nprocure.com/ વેબસાઈટ ઉપર તા.૦૬/૧૧/૨૦૨૬ ના રોજથી જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

(મિલન એચ. પલસાણા) ચીફ ઓફિસર બારડોલી નગરપાલિકા
(જૈનિપ ભંડારી) ચેરમેન કારોબારી સમિતિ બારડોલી નગરપાલિકા
(નિલમબેન વ્યાસ) પ્રમુખ બારડોલી નગરપાલિકા
ક્રમાંક.માહિતી-સૂરત/૮૪૫/૨૦૨૬

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.જાહેર નિવિદા નં.૦૫ સને ૨૦૨૬-૨૭
આઈ.ડી.નં.૩૬૩૦૧૩

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, જલ ભવન, બીજો માળ, જુની આર.ટી.ઓ.પાસે, સિવિલ લાઈન રોડ, ગોધરા જી.પંચમહાલ દ્વારા યોગ્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો પાસેથી પંચમહાલ જિલ્લાના પાનમ ડેમના ઉપરવાસમાં ફ્લોટીંગ પોન્ટુન/જેટી બનાવી તેની ઉપર જરૂરી પંપીંગ મશિનરી તથા ઈલેક્ટ્રો-મિકેનિકલ એસેસરીઝ બેસાડી, પાણી લિફ્ટ કરી અને સિવિલ વિભાગની રાઈઝીંગ પાઈપ સાથે જોડાણ કરવાની કામગીરી ૧ વર્ષ મરામત અને નિભાવણી સાથેની કામગીરીની કુલ અંદાજીત રકમ રૂા. ૯૯.૭૬ લાખ માટે ઈ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડર ડાઉનલોડ અપલોડ કરવાની છેલ્લી તારીખઃ ૨૧.૧૧.૨૦૨૬ ૧૮.૦૦ કલાક રહેશે. વધુ વિગતો કચેરીના ચાલુ દિવસો દરમ્યાન તથા નોટીસ બોર્ડ ઉપર થી મળશે. હવે પછીના સુધારા/વધારા માટે તેમજ વધુ વિગતો માટે વેબસાઈટ www.Tender.nprocure.comઉપર જોવી.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગટર વ્ય. બોર્ડના હેલ્પલાઈન નં.૧૯૧૬ પર જનતાને સંપર્ક કરવા અનુરોધ છે.

(માહિતી/ગોધરા/૬૧૦/૨૬)

જાહેર નિવિદા

માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગની અધ્યક્ષતામાં તા.૦૨/૧૧/૨૦૨૬ના રોજ યોજાયેલ વિડિયો કોન્ફરન્સમાં મળેલ સુચનાનુસાર ૧૫ મી નવેમ્બર ૨૦૨૬ના રોજ જનજાતીય ગૌરવ દિવસ-૨૦૨૬ની ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવા જણાવેલ છે. જે અન્વયે હેલીપેડ ગ્રાઉન્ડ, નાનાપોંઢા તા.નાનાપોંઢા ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. સદરહુ કાર્યક્રમમાં માન.મુખ્ય મંત્રીશ્રી ડિજીટલ માધ્યમથી જોડનાર છે. કાર્યક્રમ સ્થળે જિલ્લાના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ અને વિવિધ કલ્યાણકારી યોજનાના લાભાર્થીઓ હાજર રહેનાર છે. સદરહુ કાર્યક્રમોમાં હાજર રહેનાર લાભાર્થીઓ માટે ભોજનની વ્યવસ્થા કરવાની થાય છે. જે અન્વયે કાર્યક્રમ સ્થળો ખાતે ભોજન વ્યવસ્થા પુરી પાડવા માટે રસ ધરાવનાર મહિલા સ્વ સહાય જુથો પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, વલસાડ ખાતે રૂબરૂ દિન-૦૭માં જાહેરાત પ્રસિધ્ધ થયેથી ભાવપત્રકમોકલી આપવાના રહેશે.

મેનુ: દાળ, ભાત, શાક, કચુંબર, લાપસી, છાસ
સ્થળ: પ્રાયોજના વહીવટદારની કચેરી,
જિલ્લા આદિજાતિ સેવા સદન, નનકવાડા, વલસાડ
તારીખ: ૦૫/૧૧/૨૦૨૬
પ્રાયોજના વહીવટદાર વલસાડ
નં. માહિતી/વલસાડ/૫૪૭/૨૦૨૬





પશ્ચિમ રેલવે દ્વારા ઉત્રાણ - ખાતીપુરા વચ્ચે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે

ટ્રેન નં.	પ્રારંભિક અને ગંતવ્ય સ્ટેશન	સેવાની તારીખો	ઉપડવાનો સમય	પહોંચવાનો સમય
09131	ઉત્રાણ - ખાતીપુરા	09.11.2026 અને 16.11.2026	14:15 કલાકે (સોમવાર)	10:00 કલાકે (બીજા દિવસે)
09132	ખાતીપુરા - ઉત્રાણ	10.11.2026 અને 17.11.2026	12:40 કલાકે (મંગળવાર)	06:40 કલાકે (બીજા દિવસે)

હોલ્ટ્સ: બંને દિશામાં અંકલેશ્વર, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ જંક્શન, મંદસૌર, નીમચ, ચિત્તોડગઢ, ભિલવાડા, વિજયનગર, નાસીરાબાદ, અજમેર, કિશનગઢ અને જયપુર સ્ટેશનો પર.

કોચ સંયોજન: એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને સામાન્ય દ્વિતીય શ્રેણી કોચ.

રોકાણ, હોલ્ટના સમય અને કોચ સંયોજન અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નં. 09131 માટેનું બુકિંગ 06.11.2026થી તમામ PRS કાઉન્ટરો પર અને IRCTC વેબસાઇટ પર શરૂ થાય છે. ઉપરોક્ત ટ્રેન સ્પેશિયલ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
Like us & Follow us on
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

તમામ આરક્ષિત ટિકિટો માટે કૃપા કરીને મૂળ ઓળખપત્ર સાથે રાખો.



